


Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 16,(SURAT), DATE-08/10/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૧૬, (સુરત), તા.૦૮/૧૦/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 કામરેજ વિભાગ રાજપુત સમાજ દ્વારા ભાદાગામ ખાતે દશેરા પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી

3 વિચરતી વિમુક્ત જનજાતિ સમુદાયનું મહા સંમેલન ગુજરાત રાજયના મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યું

4 સુરત જિલ્લાના નવરચિત અરેઠ તાલુકાનું લોકાર્પણ માનનીય મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ ના વરદ હસ્તે કરવામાં આવ્યું


## હરિપ્રબોધમ પરિવાર દ્વારા વડોદરા ગણેશપુરા ખાતે હરિપ્રબોધમ ધામનું ભવ્ય ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે


### નવો અધ્યાયઃહરિ પ્રબોધમ્ ગ્રૂપના નૂતન મંદિરનું ખાતમુહૂર્ત ગુરુહરિએ ત્રીકમ વડે જમીન ઉપર ટચકો માર્યો

**ગુણાતીતાનંદ સ્વામીજીના ૨૪૧ મા પ્રાગટ્ય પર્વે વાઘોડિયાના ગણેશપુરામાં સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિર નિર્માણ થશે**

વડોદરા-ગુણાતીતાનંદ સ્વામીજીના ૨૪૧માં પ્રાગટ્ય પર્વે, ગુરુહરિ પૂ.હરિપ્રસાદ સ્વામીજીના હીરક ભાગવતી દીક્ષાદિન પર્વ તથા નુતન હરિ પ્રબોધમ ધામના ખાતમુહૂર્ત પ્રસંગે વડોદરા નજીક ગણેશપુરા મુકામે પ્રગટ ગુરુહરિ પૂ.પ્રબોધજીવન સ્વામીજીના પ્રેરણા અને આશિષથી ત્રિવેણી મહોત્સવનો પ્રારંભ ૬ ઓક્ટોબરે કરાયો હતો. ૩૩૦૦ ભક્તોએ પોતાના સ્થાપન પર અને મુખ્ય સ્થાપન પર સ્વયં ગુરૂહરિ પૂ. પ્રબોધ જીવન સ્વામીજીએ ઠાકોરજીની મહાપૂજા કરી હતી. ગુરુહરિ પૂ. પ્રબોધસ્વામીજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં સંત મંડળ, સાધ્વી બહેનો, હરિપ્રબોધમ પરિવારના સભ્યો સહિત સામાજિક -રાજકીય અગ્રણીઓએ હાજર રહી ભક્તિપૂર્ણ હ્રદયે ભક્ત મંડળ સહિત ઠાકોરજી અને ગુરુપરંપરાના મહાપૂજનની વિધિ સંપન્ન કરી હતી.


ત્યારબાદ ગુરુહરિ પૂ.પ્રબોધજીવન સ્વામીજીના વરદ હસ્તે નુતન હરિપ્રબોધમ ધામની ખાતમુહૂર્ત વિધિ સંપન્ના કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં હરિ ભક્તો જોડાયા હતા. ૨૫ હજાર લોકો બે મહિના અગાઉથી પોતાના ઘરે ઈંટો લાવ્યા હતા ઠાકોરજી તથા ગુરુ પરંપરાનું મંદિર નિર્માણ થવાનું છે ત્યાં વૈદિક મંત્રોચ્ચાર સહિત વિધિપૂર્વક ભૂમિપૂજન કર્યા બાદ ગુરુહરિએ ત્રિકમથી જમીન પર ટચકો માર્યો હતો.


વૈદિક વિધિના ભાગ રૂપે પવિત્ર નદીઓ તથા તીર્થસ્થાનોના જળ, માટી, નવરત્નો તથા અન્ય પવિત્ર સામગ્રી પધરાવેલ કળશ ભૂમિમાં પધરાવી ભૂમિપૂજન કર્યુ હતું. દેશ-વિદેશમાં વસતાં ૨૫૦૦૦ થી વધુ ભક્તોએ બે મહિના અગાઉથી પોતાના ઘરે ઇંટો લાવી, તેને સુશોભિત કરવાની સાથોસાથ તેને મંદિર નિર્માણમાં નિમિત્ત બન્યા હતા.







**મહોત્સવમાં દેશ-વિદેશના ભક્તોએ ઉપસ્થિત રહી સમૂહ મહાપૂજા, ખાતમુહૂર્ત વિધિ, સભાનો લાભ લીધો હતો**

## શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના બારડોલી દ્વારા ખલી ફાર્મ હાઉસ ખાતે દશેરા પર્વ નિમિત્તે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું

બારડોલીઃ દશેરાના પાવન અવસરે પરંપરાગત શસ્ત્ર પૂજન તથા મા આદિશક્તિની ભક્તિપૂર્ણ પૂજા-અર્ચના ભક્તિભાવ અને ઊર્જા સાથે યોજાઈ.

આ પવિત્ર પ્રસંગે બારડોલી શહેરમાં વસવાટ કરતા રાજપૂત સમાજના અગ્રણીઓ તથા વિશિષ્ટ મહેમાનોની ઉપસ્થિતિ રહી વિધિવત શસ્ત્ર પૂજન કર્યું હતું.

શ્રી રાષ્ટ્રીય રાજપુત કરણી સેના બારડોલી ના પ્રમુખ મનોહરસિંહ ચૌહાણ મહામંત્રી વિરેન્દ્રસિંહ મેવાડા મહામંત્રી મહેન્દ્રસિંહ ચૌહાણ ની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ શ્રી રાષ્ટ્રીય રાજપુત કરણી સેના બારડોલી મોટી સંખ્યામાં સદસ્ય ઉપસ્થિત રહ્યા તેમના દ્વારા શૌર્યપ્રદર્શક તલવારબાજી કરવામાં આવી.

ભાવિ પેઢી ને શસ્ત્ર પૂજન થકી હિન્દુ સંસ્કૃતિ ની પ્રેરણા યુવાનોમાં જીવન રહે એ હેતુથી દશેરા નિમિત્તે શસ્ત્ર પૂજન નું આયોજન કરવામાં આવ્યું







**બારડોલી શહેરમાં વસવાટ કરતા રાજપૂત સમાજના અગ્રણીઓ તથા વિશિષ્ટ મહેમાનોની ઉપસ્થિતિ રહી વિધિવત શસ્ત્ર પૂજન કર્યું હતું**

## બારડોલી રાજપૂત સમાજ ટ્રસ્ટ તથા રાજપૂત યુવા સંગઠન દ્વારા દશેરા પર્વની ઉજવણી કરાઈ

બારડોલીઃ બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ તથા બારડોલી વિભાગ રાજપૂત યુવા સંગઠન દ્વારા દશેરા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં રાજપૂત સમાજના ભાઈઓ બહેનોએ પરંપરાગત રીતે શસ્ત્ર પૂજન કર્યું હતું. માં આધશક્તિના નવલા નોરતા બાદ દશેરાનો પર્વ હોઈ શ્રી બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ તથા બારડોલી વિભાગ રાજપૂત યુવા સંગઠન દ્વારા દશેરા પર્વની બારડોલી રાજપૂત સમાજ વાડી ખાતે ઉજવણી કરવામાં આવી હતી . રાજપૂત સમાજ દશેરા પર્વનું મહત્વ હોય છે અને દશેરા પર્વ નિમિત્તે શૂરવીરતાનું પ્રતીક અને શક્તિની ઉપાસના કરતા આવેલા બારડોલી વિભાગ રાજપૂત ટ્રસ્ટ દ્વારા શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. બારડોલી રાજપૂત સમાજ વાડી ખાતે યોજાયેલ શસ્ત્ર પૂજન કાર્યક્રમ માં મોટી સંખ્યામાં મોટી સંખ્યા માં યુવક યુવતીઓ સસ્ત્ર પૂજનમાં જોડાયા હતા. તેમજ દંપતિઓ પણ શસ્ત્ર પૂજન માં ભાગ લીધો હતો અને તમામની ઉપસ્થિતિ માં વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન કરાયું હતું. મોટી સંખ્યામાં શસ્ત્ર પૂજન કરીને રાજપૂત સમાજના શ્રેષ્ઠ સંગઠનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



**રાજપૂત સમાજ દશેરા પર્વનું મહત્વ હોય છે અને દશેરા પર્વ નિમિત્તે શૂરવીરતાનું પ્રતીક અને શક્તિની ઉપાસના કરતા આવેલા બારડોલી વિભાગ રાજપૂત ટ્રસ્ટ દ્વારા શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું.**


ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
www.gujarataatmiyata.in

ATMIYA
PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808



ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....

શાસ્ત્રી રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# કામરેજ વિભાગ રાજપુત સમાજ દ્વારા ભાદાગામ ખાતે દશેરા પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી

























**કામરેજ-**દશેરાના પાવન અવસરે, શ્રી કામરેજ વિભાગ રાજપૂત સમાજ દ્વારા ભાદા ગામ, કામરેજ ખાતે પરંપરાગત શસ્ત્ર પૂજન અને મા આદિશક્તિની ભક્તિપૂર્વક પૂજા-અર્ચના વિધિવત રીતે સંપન્ન કરવામાં આવી.

આ ભક્તિમય અને શૌર્યમય પ્રસંગે સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ તથા વિશિષ્ટ મહેમાનશ્રીઓની ઉપસ્થિતિ રહી. શસ્ત્ર પૂજન દ્વારા પરંપરાનું માનરક્ષણ કરવામાં આવ્યું અને મા શક્તિની આરાધનાથી સમગ્ર વાતાવરણ આસ્થામય બની ઊઠ્યું.

કામરેજ વિભાગ રાજપૂત સમાજ ના નવનિયુક્ત પ્રમુખ ઇન્દ્રસિંહ ચૌહાણ સંગઠન મુખ્ય કન્વીનર મેહુલસિંહ દેસાઈ ઉપપ્રમુખ ચેતનસિંહ મોરી મહામંત્રી ક્રિપાલસિંહ દેસાઈ મીડિયા પ્રભારી હિમાંશુસિંહ ઠાકોર મંત્રી વિમલસિંહદેસાઈ પ્રતીકસિંહ દેસાઈ ધર્મેન્દ્રસિંહ ચૌહાણ તેમજ ભાડા ગામના અનેક મહાનુભાવો વડીલો ઉપસ્થિત રહ્યા.

કામરેજ વિભાગ રાજપૂત સમાજના શ્રી રાજપુત કરણી સેનાના પ્રવક્તા દક્ષિણ ગુજરાત પ્રિન્સસિંહ મહિડા ઉપસ્થિત રહી રાજપૂત સમાજના યુવાનોને શૂરવીરતા ખાનદાની ખમીરી ના દર્શનો કરાવતા પ્રેરણાત્મક પ્રવચનો કર્યા તેમણે સંબોધનમાં સમાજને વિશેષ જણાવ્યું કે હાલમાં ટાંક્યા ખેંચવાની પ્રવૃત્તિ બંધ કરી તાલુકા અને જિલ્લા અને રાજય લેવલે સંગઠિત થઈએ એકતાથી જીવવા સર્વે યુવાનો વડીલો સાથે આગળ વધવા માટે પ્રેરણા આપી છે આ લોકશાહી માં સમાજને સંગઠિત કરવો ખૂબ અઘરો વિષય છે છતાં પણ હાલના નવ યુવાનો ધારે તે કરી શકે છે અને સમાજને એકત્રિત કરી વધુમાં વધુ યુવાનો શિક્ષિત બને અનેક જાત ના વિવિધ વ્યસનથી દૂર રહેવા માટે પ્રેરણા આપી . સમાજની માતા બહેન દીકરીઓ ને પણ સંબોધન કરતા તેમણે જણાવ્યું હતું બહેન દીકરીઓ ફેશનમાં અને મોબાઈલ ફોન રીલ ના ફોટા ફેશનમાં કીમતી સમયે વ્યસ્ત ના કરે અને શિક્ષણ ક્ષેત્રમાં આગળ વધો અને સમાજ અને તમારા કુળ નું નામ આગળ વધેએ દિશામાં પ્રયાસ કરવા જોઈએ. ખાસ કરીને સમાજની બહેનોને શિક્ષણ ક્ષેત્રમાં આગળ આવવા માટે ખાસ અપીલ કરી છે કામરેજ વિભાગ રાજપુત સમાજના પ્રમુખશ્રી ઇન્દ્રસિંહ ચૌહાણ દ્વારા કામરેજમાં તાલુકામાં વસવાટ કરતા ૨૨ જેટલા ગામ ને એક ટાંટળે બાંધવાનો સંગઠિત કરવાનો સરાહનીય પ્રયાસ કર્યો છે અને ભાદાગામ દશેરા પર્વની ઉજવણી કરવા માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.



## સુરત જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે મહર્ષિ વાલ્મિકી જયંતિ નિમિત્તે મહર્ષિ વાલ્મિકીજીને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કરવામાં આવ્યું હતું

સુરત- આવનારા દિવસોમાં નવા નિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા સુરત-તાપી જિલ્લાના પ્રવાસે આવવાના હોવાથી, તેમની મુલાકાતને લઈને સુરત-તાપી જિલ્લાના કાર્યકર્તાઓ સાથે અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડ, તાપી જિલ્લાના ભાજપ પ્રમુખ સૂરજભાઈ વસાવા, ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈ, વ્યારા વિધાનસભાના ધારાસભ્ય મોહનભાઈ કોકણી, જિલ્લા મહામંત્રી ઓ મંડળ પ્રમુખો ભાજપ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.




## શરદ પૂનમઃ સાળંગપુરમાં કષ્ટભંજન દાદાએ ડાયમંડના મુકુટમાં આપ્યા દર્શન, ૨૦૦ કિલો ફૂલનો શણગાર

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શરદ પૂનમ (સાતમી ઓક્ટોબર) નિમિત્તે દાદાનો દિવ્ય અને ભવ્ય શણગાર કરવામાં આવ્યો હતો, જેના દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. શરદ પૂનમના પવિત્ર અવસરે શ્રી કષ્ટભંજનદેવને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. દાદાને રીયલ ડાયમંડ (હીરા) જડેલો મુકુટ અને ઝીણવટભર્યું એમ્બ્રોઇડરી વર્ક કરેલા દિવ્ય વાઘા પહેરાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત દાદાના સિંહાસનને ૨૦૦ કિલો હજારીગલ (ગલગોટા) ના ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. શણગાર અંગે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, ૩ સંતો, પાર્ષદ અને ભક્તો દ્વારા આ સંપૂર્ણ શણગાર તૈયાર કરવામાં ચાર કલાક જેટલો સમય લાગ્યો હતો. શરદ પૂનમ નિમિત્તે મંદિરમાં દિવસભર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી,

ત્યારબાદ શણગાર આરતી થઈ હતી. આ ઉપરાંત મંદિર પટાંગણમાં આવેલી યજ્ઞશાળામાં ભક્તોના કલ્યાણ અર્થે મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદાને દિવ્ય શણગારની સાથે ફળ, પુષ્પ અને ડ્રાયફ્રૂટનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. સાંજે ૦૫:૦૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

તંત્રી લેખ.......

# હર શખ્સ પરેશાન સા ક્યો હૈ...



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

શારીરિક કરતા માનસિક કારણો વધુ... ફોલ્ટ લાઇન એટલે આપણી સોચ અને જીવન પધ્ધતિ. સ્માર્ટ ફોન અને ડીજીટલ યુગને લીધે આપણામાં ધીરજ અને સહનશીલતા જ નથી રહી : જીવન તો આરામદેહ જ હોવું જોઈએ તે પ્રકારની એક તુમાખી આપણામાં આવી ગઈ છે

યુવા વયમાં હૃદયરોગના હુમલાનું પ્રમાણ વધતું જાય છે.તબીબો કહે છે કે યુવા પેઢીમાં તનાવ અને ડિપ્રેશન પણ આ માટે કારણભૂત છે. અક્ષફ્રુશયુિં એટલે કે વ્યગ્રતા પણ જવાબદાર મનાય છે. ફક્ષફ્રુશયુિંએટલે શું તેની સમજ ઘણાને નથી હોતી. સાદી સમજ પ્રમાણે કોઈ કાર્ય શરુ કરતા કે તે પ્રક્રિયા દરમ્યાનનો નિષ્ફળ જવાનો ડર કે પછી પરિણામની ઘડી અગાઉના વધતા જતા ધબકારા તેમજ પરસેવો વળી જવા જેવું થાય ત્યારે આપણી સ્થિતિ વ્યગ્ર હોય છે.આપણે આખરે તો એક માનવી છીએ.ભગવાન તો ઠીક સુપર હ્યુમન પણ નથી.તેથી તનાવ કે કોઈ વખત મુડ ન હોવો અને ઉદાસીન હોવું સહજ છે. પરીક્ષા વખતે કોને વ્યગ્રતા ન હોય. તેથી આવા સંજોગોમાં જરા પણ ગભરાવાની જરૂર નથી. પણ, જો આ સ્થિતિ કાયમી અને પ્રકૃતિ બની ગઈ હોય તેવું લાગે ત્યારે તબીબની પાસે પહોચી જવું જોઈએ. છેલ્લા બે વર્ષમાં યુવા વયમાં હૃદયરોગના હુમલા અને મૃત્યુનો આંક ચોકાવનારો જોઈ શકાય છે. એક તબીબ મિત્રએ એમ જ કોમેન્ટ કરી કે 'આજના યુવાનોમાં ધીરજ કે સહનશક્તિનો સખ્ત અભાવ છે.'

આનું કારણ શું ? તે પ્રશ્નનો ઉત્તર આપતા પીઢ વયના તે હૃદયરોગના નિષ્ણાત તબીબે વિચારતા કરી મૂકે તેવું કારણ આપ્યું કે 'આજની યુવા પેઢીએ કંઈ પ્રાપ્ત કરવા ધીરજ જ નથી ધારણ કરવી પડી. તે ક્યારેય લાંબી લાઈનમાં ઉભી જ નથી. અમારી કિશોર કે યુવા વયે અમે પાણીની એક બાલદી માટે અડધો કલાક લાઈનમાં ઉભા રહેતા તે પછી આઠ દસ મિનીટ દુર આવેલ ઘેર જઈને મોટી કુંડીમાં તેને ઠાલવી ફરી બીજી બાલદી માટે લાઈનમાં ઉભા રહેવા જવાનું. આવી જ રીતે અનાજ, ખાંડ, કેરોસીન ખરીદી માટે રેશન કાર્ડ લઈને જવાનું અને લાંબી લાઈનમાં ઉભા રહેવાનું. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ માટે જ નહીં પણ મનોરંજન માટે એટલે કે ફિલ્મની ટીકીટ લેવા પણ લાઈનમાં ઉભા રહેવાનું અને ડંડા ખાવા કે લાલા દ્વારા હડધૂત પણ થતા. બેંકમાં તો ભીડ અને ટોકન આપે ત્યારે ક્યારેય નંબર આવે. બધું ચોપડામાં અને પેનથી ધીમે ધીમે લખીને કર્મચારી કામ પાર પાડતા. સરકારી હોસ્પિટલ, એસ.ટી. બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન બધે જે ભીડ, લાઈન અને રગશિયા ગાડા જેવો માહોલ .પણ આ બધું અમને ક્યારેય અકળાવતું નહોતું કેમ કે ઝડપથી કાર્ય સફળ થઇ શકે તે અમારી દ્રષ્ટિએ જ શક્ય નહોતું. 'ધીરજના ફળ મીઠાં' તે કહેવત ગુરુમંત્ર બની ગઈ હતી. પણ એક રીતે ખુબ સારું થયું છે.પેપર વગરની ઓફીસ, બેંકો અને અને ખરીદી ડીજીટલ યુગમાં જોઈ શકાય છે. પીનથી પિયાનો બધું જ ઘેર બેઠા ઓનલાઈન ખરીદી કે વેચી શકાય છે. પાણીના કેરબો પણ ઘેર બેઠા મળે અને કરિયાણું પણ. ફિલ્મની ટીકીટ માટે એક બે કલાક લાઈનમાં ઉભા રહેવું પડતું તેમ કહીએ તો આજે કોઈ માને? હવે તો બેન્કિંગ પણ ઓનલાઈન ઘેર બેઠા થઇ શકે છે.' તે પછી તે સિનિયર તબીબ ઉમેરે છે કે ''હવે આજની યુવા પેઢીને ડીજીટલ ટ્રાન્ઝેક્શનમાં દોઢની જગ્યાએ જોડાણમાં વિલંબ થતા ત્રણ મિનીટ થાય તો પણ હૃદયના ધબકારા વધી જાય છે. નેટની સ્પીડ ધીમી હોય કે જેને ફોન લગાવાનો હોય અને તે એન્ગેજ આવે કે સામે છેડેથી ફોન ન ઉપાડે તો પણ મગજ છટકે છે. બેંકમાં કે સ્ટેશનમાં પાંચેક મિનીટ લાઈનમાં ઉભા રહેવાનું આવે અને સર્વર ધીમું કે ડાઉન હોય તે સાથે જ પિત્તો ગુમાવીએ છીએ.' તબીબે ઉમેર્યું કે 'પરિસ્થિતિને સમજી ધીરજ ધરતા નવી પેઢીએ શીખવું પડશે.'

ટ્રાફિક અને અકસ્માત અંગેના એક સેમિનારમાં સિનિયર પોલીસ અધિકારીએ વિચારપ્રેરક વાત કહી કે 'અકસ્માતના મોટાભાગના કારણોમાં વાહન ચાલકોનો ઘરેલું કે ઓફીસ - ધંધાનો તનાવ જવાબદાર હોય છે. જ્યાં જરૂર ન હોય ત્યાં હોર્ન વગાડવા, ગ્રીન લાઈટ શરુ થતા જ સતત હોર્ન વગાડવા અને આગળના વાહન ચાલકને ઝડપથી હંકારવા કે રસ્તો આપવા હોર્ન જારી રાખવા તે તનાવની સ્થિતિ સૂચવે છે. મોટે ભાગે તો વાહન ચાલકને કોઈ જગ્યાએ પહોચવાનું મોડું પણ થતું નથી હોતું. આવો વાહન ચાલક અકસ્માત ન કરે તો પણ તેનામાં હાયપર ટેન્શનની માત્રા વધતી જાય છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક-મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ-૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાન્સપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ-૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# વિચરતી વિમુક્ત જનજાતિ સમુદાયનું મહા સંમેલન ગુજરાત રાજયના મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યું






સુત્રો મારફત મળતી માહિતી મુજબ અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી જી.એમ.ડી.સી મેદાનના, કન્વેક્શન હોલ ખાતે ગુજરાત રાજયના વિચરતી વિમુક્ત જન જાતિના સમુદાયની ગુજરાતમાં કુલ વસ્તી ,૧ કરોડને ૨૫ લાખ લોકો છે. જેમાં બજાણિયા, વાદી , વણઝારા જોગી, ઓડ, રાવળદેવ, ચામઠા દેવીપૂજક, બાફણ, છારા વગેરે જાતિઓનો સમાવેશ થાય છે. આ જાતિના ઇતિહાસ મુજબ આ વિચરતી વિમુક્ત જનજાતિ માટે અંગ્રેજ સરકારે ૧૮૭૧ માં ક્રિમિનલ ટ્રાઈબસ કાયદો દાખલ કરેલો હતો જે કળો કાયદો ભારત દેશ આઝાદ થયા પછી ૫ વર્ષને ૧૬ દિવસ પછી નાબૂદ થયેલ જેથી ગુનાહિતના કાયદા ને લીધે બંધારણીય હક્ક અધિકારથી વંચિત આ સમુદાય રહી ગયેલ હતા. આઝાદીના હવે ૭૯ વર્ષ પછી સમાજમાં શિક્ષણ સાથે જાગૃતતા આવતાં આ સમુદાયના લોકો સરકાર સમક્ષ શિક્ષણ ક્ષેત્રે.. સામાજિક ક્ષેત્રે.. રાજય ક્ષેત્રે.. સરકારમાં ભાગીદારી સાથે પ્રતિનિધિત્વ માટે માંગ કરી રહ્યા છે. જે બાબતે અમદાવાદ ખાતે વિચરતી વિમુક્ત જન જાતિનું મહા સંમેલન રાખવામાં આવેલ જે કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા તેમજ મયંકભાઇ નાયક, ડો. કે. લક્ષ્મણ રાજ્ય સભાના સાંસદ શ્રી તેમજ ભરતભાઈ પટની તેમજ પ્રવીણભાઈ ઘુગે ઉપસ્થિત રહ્યા હતા અને આ સમાજના વિકાસ,પ્રોત્સાહન સાથે સર્વાંગી વિકાસના ભાગના કાર્ય માટે યોગ્ય જોગવાઈ સાથે નીતિ કરવા માટેનું આશ્વાસન આપેલ છે.

દક્ષિણ ગુજરાતના કન્વીનિયર શ્રી જીતુભાઈ નગીનભાઈ ધ્રુવએ નવસારી વલસાડ વાપી ભરૂચ રાજપીપળા સુરત બાજુપુરા થી સમાજના સમુદાયોને લઈને હાજર રહ્યા હતા તેમજ તેઓ મારફત સમાજમાં શૈક્ષણિક વિકાસ માટે આવક મર્યાદા નાબુદી, નોકરીમાં અલગથી રિઝર્વેશન તેમજ બંધારણીય અધિકાર મળે તે માટે SEBCમાંથી ૨૭% અનામત માંથી અલગ ૧૧% અનામત માટે માંગ કરવામાં આવી હતી.

તેમજ આ સમુદાય માટે આમ ખાસ જોગવાઈ થાય તો જ આ સમાજના લોકોનો ઉદ્ધાર કે વિકાસ થઈ શકે એમ માનવું છે મહા સંમેલનમાં ખૂબ મોટી સંખ્યામાં આ સમાજના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ આ સમાજ માટે સરકાર દર વર્ષે ૩૧ ઓગસ્ટ ને મુક્તિ દિવસ તરીકે ઉજવવા માટે નોટિફિકેશન જાહેર કરવામાં આવેલ છે. આ વિચરતી વિમુક્ત જનજાતિ ને અંગ્રેજીમાં નોમેડિક ટ્રાઇબ ડી નોટિફાઇડ ટ્રાઇબ કહેવામાં આવે છે ટૂંકમાં એન. ટી. ડી. એન. ટી. તરીકે પણ ઓળખાય છે.

# જવાબદાર ઔદ્યોગિક એકમો અને જીપીસીબીનાં અધિકારીઓ સામે પગલા લેવાં માગણી

## સણીયા હેમાદનાં તળાવમાં કેમિકલયુક્ત પાણીથી માછલીઓનાં મોતની આશંકા

## પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે જિલ્લા કલેક્ટરને ફરિયાદ કરી



સુરત જિલ્લાના સણીયા હેમાદ ગામમાં આવેલા તળાવમાં માછલીઓના મોત મામલે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે કલેક્ટર ડો. સૌરભ પારધીને આવેદનપત્ર આપી ફરિયાદ કરી ઔદ્યોગિક એકમો દ્વારા કેમિકલયુક્ત અને પ્રદુષિત પાણીના નિકાલને કારણે માછલીઓ તથા અન્ય જીવસૃષ્ટિના મૃત્યુ, પર્યાવરણને થયેલા નુકસાન અને સમગ્ર જિલ્લામાં વારંવાર બનતી આવી ઘટનાઓની તપાસ કરી જવાબદાર એકમો અને જીપીસીબીનાંઅધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી.

દર્શન નાયકે પાઠવેલા આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર સુરતનાં સણીયા હેમાદ ગામમાં આવેલા તળાવમાં તાજેતરમાં મોટા પાયે માછલીઓના મોત થયા હતા આ ઘટના નજીકના ઇન્ડસ્ટ્રીઝ અને અન્ય ઔદ્યોગિક એકમો દ્વારા અનટ્રીટેડ (અશુદ્ધ) કેમિકલયુક્ત અને પ્રદુષિત પાણીના નિકાલને કારણે બની છે. આ કેમિકલ્સમાં ઘાતક રસાયણો (જેમ કે હેવી મેટલ્સ, એસિડ્સ અને ટોક્સિક વેસ્ટ)નુંપ્રમાણ વધારેછે,જેના કારણે પાણીનુંઇ લેવલ અનેઓક્સિજનનું પ્રમાણ અસામાન્ય રીતે ઘટી જાય છે. આના પરિણામે સંખ્યાબંધ માછલીઓ અને જળચર જીવોનું મોટા પ્રમાણમાં મૃત્યુ થઈ રહ્યા છે. આ ઘટના પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ અને વોટર (પ્રદુષણ અટકાવવા અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪ના ઉલ્લંઘનનું સ્પષ્ટ ઉદાહરણ છે. વધુમાં જણાવવાનું કે આ ઘટના માત્ર સણીયા હેમાદ સુધી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર સુરત જિલ્લામાં આવી પ્રદૂષણજન્ય ઘટનાઓ વારંવાર બનતી જોવા મળે છે. ભૂતકાળમાં સેનાખાડી, કીમ નદી, મીંઢોળા નદીમાં આવી જ રીતે માછલીઓ સહિતની જીવ સૃષ્ટિએ નુકસાન થવાની ઘટના બની હતી. અમો સહિત સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા વારંવાર આવી ઘટનાઓની ફરિયાદો કરવામાંઆવી હતી,પરંતુ કોઈ અસરકારક કાર્યવાહી થઈ નથી. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જવાબદાર અધિકારીઓ માત્ર કાગળ ઉપર નામ પુરતી કાર્યવાહી કરેછે.જેથી સણીયા હેમાદ તળાવની તાત્કાલિક તપાસ કરવી અને પ્રદૂષણના કારણોનું વિશ્લેષણ કરવું, સુરત જિલ્લાનાં ઔદ્યોગિક વિસ્તારમાં આવેલ ખાડીઓ, નદીઓ, તળાવો સહિતના જળાશયોનાં પાણીના નિયમિત સેમ્પલ લેવાવવામાં આવે અને જો કોઈ જવાબદાર ઔદ્યોગિક એકમો દ્વારા અનટ્રીટેડ કેમિકલયુક્ત અને પ્રદુષિત પાણી જળાશયોમાં છોડવામાં આવતું હોય તો, તેવા એકમોની ઓળખ કરી તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવી. સમગ્ર સુરત જિલ્લામાં આવી ઘટનાઓને અટકાવવા માટે નિયમિત મોનિટરિંગ અનેજાગૃતિ અભિયાન ચલાવવું, સુરત જિલ્લામાં પ્રભાવિત વિસ્તારોમાં તળાવની સફાઈ અને પુન:સ્થાપનાની વ્યવસ્થા કરવી, આ બાબતેની તપાસ અહેવાલની નકલ સ્થાનિક રહેવાસીઓને પૂરી પાડવી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જે જવાબદાર અધિકારીઓ પોતાની જવાબદારી અને ફરજ નિભાવવામાં બેદરકારી દાખવી રહ્યા છે. તેવા અધિકારીઓ ની તપાસ કરી તેમની જવાબદારી નક્કી કરી તેમની સામે દાખલો બેસે એવી કાર્યવાહી કરવામાં આવે.

# વોટ ચોર ગાદી છોડ મુદે ઓલપાડના સાધીએર ગામેથી સહી ઝુંબેશ શરૂ કરાઇ

## લોકશાહીને મજબૂત કરવા માટે આ અભિયાન માં જોડાવવા માટે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકની અપીલ

**તાજેતરમાં આ અંગે સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનોની બેઠક પણ સુરત ખાતે યોજવામાં આવી હતી.**



સુરત-જનનાયક રાહુલ ગાંધી દ્વારા ભાજપ અને ચૂંટણી પંચની મિલીભગતથી થતી વોટ જોડીને દેશભરમાં ઉગાડી પાડવામાં આવી છે ચૂંટણી પંચની અનેક લોકો વચ્ચે આધાર પુરાવા સાથે ઉજાગર કરી છે અને વોટ ચોડીને અટકાવવાના ઉદેશથી એઆઈસીસીની સૂચના અનુસાર ગુજરાત ભરમાં તારીખ ત્રીજી સપ્ટેમ્બરથી ૧૦ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન વોટ ચોર ગાદી છોડ સહી ઝુંબેશ નું આયોજન કરવામાં આવ્યું છે જેનો આજે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સાંધિયેર ગામેથી પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આ સહી ઝુંબેશ ખરા અર્થમાં લોકતંત્રને બચાવવાની ઝુંબે છે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના આગેવાન અને કાર્યકર્તાઓ તેમજ તમામ જિલ્લાના આગેવાનો આ બોર્ડ ચોર ગાદી છોડ સહી ઝુંબેશમાં ખૂબ જ સક્રિય રૂપે જોડાઈને વોટ ચોરીને ખુલ્લી પાડશે.

તાજેતરમાં આ અંગે સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનોની બેઠક પણ સુરત ખાતે યોજવામાં આવી હતી. જેમાં શહેર માં તમામ વોર્ડ તેમજ જિલ્લામાં તમામ તાલુકામાં ડોર ટુ ડોર કરીને ચૂંટણી પંચની કામગીરી ને ઉઘાડી પાડવામાં આવશે અને જે કાંઈ ડમી નામો અને ભાજપના કહેવાતા ભ્રષ્ટાચારને આગેવાનોના ઉજાગર કરવામાં આવશે અને આ અંગે તારીખ ૩ થી ૧૦ ઓક્ટોબર સુધી શહેર અને વોટ ચોરી અંગેનો સર્વે હાથ ધરવામાં આવજે જે કોઈ ખોટા નામો છે એ બાબતે તંત્રની પોલ ઉગાડી પાડવામાં આવજે અને આ અંગે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલા સાધીયેર ગામેથી પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક ની ઉપસ્થિતિમાં સહી ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં કોંગ્રેસના કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી વોટચોળી ગાદી છોડના નારા સાથે કામગીરી શરૂ કરી હતી.

જેમાં સ્થાનિક કોંગ્રેસ કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો અને મહિલાઓએ હાજરી આપીને અભિયાનને ધારદાર બનાવ્યુંહતુંઆ અભિયાન દ્વારા જીપીસીસી લોકોને જણાવવા માંગે છે કે વર્તમાન વહીવટી વ્યવસ્થામાં મતદાતા ના અધિકારોનું અપમાન થઈ રહ્યું છે અને ચૂંટણી પ્રક્રિયામાં થતી અનિયમિતતાને કારણે લોકશાહી નું મૂળ હલાવી દેવામાં આવ્યું છે વોટ ચોર ની વિરુદ્ધ લોકોને જાગૃત કરીને તેમને ગંદી છોડનો સંદેશ આપવા માટે આ સહી અને મિસ કોલ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. સાધિયેર ગામથી શરૂ થયેલુંઆ અભિયાન ઓલપાડ તાલુકા અને જિલ્લા સુધી ચલાવવામાં આવશે ગ્રામીણ વિસ્તારોના મતદાતાઓના અધિકારો નું રક્ષણ કરવા માટે આવા બિયારની જરૂર છે અને લોકશાહીને મજબૂત બનાવવા માટે ના આ સંઘર્ષમાં જોડાવવા કોંગ્રેસ સમિતિ દ્વારા આહવાન કરવામાં આવ્યું છે.

Date-08/10/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સુરતના માંગરોળ વિધાનસભાના MLA ગણપતસિંહ વસાવા દ્વારા

# ૧.૫ કરોડના વિકાસના કામોનું ભુમીપુજન અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું






**માંગરોળ, દક્ષેશ પટેલ -** માંગરોળના વેરાકુઈ ગામે આ વિકાસના કામોનું ભુમીપુજન અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

વાત કરીયે વિકાસના કામોનું તો વેરાકુઈ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૧ અને ૨, સરકારી માધ્યમિક શાળા વેરાકુઈ ખાતે શેડ અને વોટરપ્રૂફિંગ સહિત ટોઈલેટ તેમજ હેલ્થ એન્ડ વેલનેશ સબ સેન્ટરોનું અને પેવર બ્લોક, સી.સી. રોડ, શમશાન શેડ અને કમ્પાઉન્ડ જેવા કામોનું કરવામાં આવ્યું હતું ભુમીપુજન અને ખાતમુહૂર્ત.

જો કે આ કામોની વિગતવાર વાતોની વાત કરવામાં આવે તો બે આંગણવાડીના ૨૪ લાખ, સરકારી માધ્યમિક શાળા વેરાકુઈના ૧૩.૫૦ લાખ, અને સબ સેન્ટરના ૩૨ લાખ તેમજ પેરવ બ્લોક અને સીસી રોડના ૨૭.૭૦ લાખ, સમસાન શેડ અને કમ્પાઉન્ડના ૧૦ લાખ ના ખર્ચે તૈયાર કરાયા છે. જેમા બાંડીબેડી ફળીયામાં પેવર બ્લોક ના રૂપીયા ૧૦.૭૦ લાખના ખર્ચે મુકવામાં આવ્યા છે. ત્યારે ગતરોજના વિકાસના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત દરમ્યાન એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અને જેમાં વિધાનસભા સંયોજક દીપક વસાવા, જીલ્લા પંચાયત સદસ્ય અફઝલખાન પઠાણ, ગામના સરપંચ મીના ગામીત, માધ્યમિક શાળા પ્રિન્સીપલ મિતા ગૌસ્વામી, CDPO માધુરીબેન, PHD ના ડો. મહિમા ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખ મનહરભાઈ, માજી પ્રમુખ ચંદનબેન અને જગદીશભાઈ, તાલુકા પંચાયત સભ્ય તૃપ્તિબેન, ખેડૂત આગેવાન ઇંદ્રીશ મલેક તેમજ ગામના આગેવાનો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## માંડવી તાલુકા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા શતાબ્દીમહોત્સવ ઉજવવામાં આવ્યો જે નિમિત્તે પથ સંચલન કાર્યક્રમ યોજાયો






**દક્ષેશ પટેલ, માંડવી-** માંડવી હાઇસ્કુલ ખાતે આજરોજ માંડવી તાલુકામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા સંઘ શતાબ્દી મહોત્સવ ઉજવવામાં આવ્યો તેમાં આજરોજ વિજયા દશમીનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો

જેમાં માંડવી તાલુકાના કાર્યવાહ પરિમલભાઈ ચૌધરી તેમજ સુરત જિલ્લાના સંઘચાલકજી ડો. ધ્રુવિતભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા, મુખ્ય વક્તા તરીકે નવસારી વિભાગ બૌદ્ધિક પ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌધરીનું વક્તવ્ય રજૂ કર્યું હતું.

તેમજ માતૃછાયા ચેરીટેબલ ટ્રસ્ટના સંસ્થાપક અમિતભાઈ ચૌધરી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા તેમજ વિશેષ ઉપસ્થિતીમાં બારડોલી લોકસભાના સાંસદ સભ્ય શ્રી પ્રભુભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા. આજરોજ સમગ્ર ગામમાં પથ સંચલન દરમિયાન ઉત્સાહનો માહોલ રહ્યો તેમાં રાષ્ટ્ર સેવિકા સમિતિની બહેનો તેમજ ભગિનીઓ દ્વારા સમગ્ર નગરમાં પથ સંચલન ના માર્ગો પર આકર્ષક રંગોળી કરવામાં આવી તેમજ સંચલન દરમિયાન નગરજનો દ્વારા ભગવા ધ્વજને પુષ્પ વર્ષાથી સ્વાગત કરી નગરજનો એ રાષ્ટ્રભાવના ઉજાગર કરી હતી આજ રોજ નગર તેમજ તાલુકાના ભાઈઓ તથા બહેનો તેમજ સ્વયંસેવક બંધુઓ દ્વારા દ્વારા ઉત્સાહભેર કાર્યક્રમ કરવામાં આવ્યો.

## સુરત જિલ્લાના નવરચિત અરેઠ તાલુકાનું લોકાર્પણ માનનીય મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ ના વરદ હસ્તે કરવામાં આવ્યું



**દક્ષેશ પટેલ, અરેઠ -** સુરત જિલ્લાના નવરચિત અરેઠ તાલુકાનું આજરોજ શ્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજયના નવા તાલુકાઓ પૈકી અરેઠ ગામને પણ તાલુકો જાહેર કરવામાં આવ્યો છે.જેમાં માનનીય સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, રાજયકક્ષાના મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ, તથા ભાજપના હોદ્દેદારો હાજર રહ્યા હતા. અરેઠ ગામને તાલુકો જાહેર થતાં લોકોમાં આનંદ ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કુવરજીભાઈ હળપતિ દ્વારા જણાવ્યું કે હાલમાં જે મામલતદાર કચેરીનું ઉદ્ઘાટન કરાયું છે . તે થોડા સમય માટે જરૂરી વ્યવસ્થા જાળવવા માટે જ છે. અને નવી કચેરી બનાવવા માટે કુલ ૩.૪ હેક્ટર જમીન સંપાદિત કરીને તમામ કચેરીઓ એક જ સ્થળ પર બનાવવામાં આવશે જેથી લોકોએ દૂર જવાની જરૂર રહેશે નહીં અનેક તમામ કાર્યો સરળતાથી થશે.

વધુમાં અરેઠ ગામને બારડોલી ઉર્જા ડિવિઝન નું પણ વિભાજન કરીને તુકેદ ગામ ખાતે નવું ડિવિઝન બનાવવાની જાહેરાત પણ કરી હતી. માનનીય કનુભાઈ દેસાઈએ પણ અરેઠ તાલુકા માં તમામ પ્રકારની સુવિધાઓ આપવા માટે જણાવ્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષતામાં તમામ તાલુકાઓનો વિકાસ ઝડપી થાય એવું લક્ષ્ય છે. સૌનો સાથ સૌનો વિકાસ એ મંત્ર સાથે તમામ લોકોનો વિકાસ થાય એ માટે તમામ પ્રયત્નો સરકાર કરી રહી છે . હાલમાં માંડવી ખાતે કુલ સાત ગામો દ્વારા વિરોધ પણ નોધવામાં આવ્યો હતો .

## બારડોલી રાજપૂત સમાજ દ્વારા ગરબા મહોત્સવનું આયોજન





બારડોલીઃ બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ અને યુવા સંગઠન દ્વારા ગરબા મહોત્સવ નું આયોજન કરાયું હતું. ગરબા મહોત્સવ માં સુરત, તાપી, નવસારી, ભરૂચ જિલ્લા માંથી કુલ ૫૫ ટિમો ભાગ લઈ ૭૦૦ થી વધુ મહિલા સભ્યો ભાગ લઈ મહિલા શશક્તિકરણ નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું હતું.

બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ અને યુવા સંગઠન દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ નું કરવામાં આવ્યું હતું. રાજપૂત સમાજ ની મહિલા સંગઠન મજબૂત બને એ હેતુ સાથે ગરબા મહોત્સવ નું બારડોલી ટાઉન હોલ ખાતે આયોજન કરાયું હતું. સુરત અને તાપી, નવસારી, ભરુચ જિલ્લા માંથી રાજપૂત સમાજ ની મહિલાઓ મોટી સંખ્યા માં જોડાઈ હતી. આ ગરબા મહોત્સવ માં ૫૫ જેટલી ટિમો એ ભાગ લીધો હતો. તમામ ટિમો એ રાસ, ગરબા, શેરી ગરબા ની આહલાદક કૃતિ ઓ રજૂ કરી હતી. અને ૭૦૦ થી વધુ મહિલાઓ ને મંચ આપવા માટે રાજપૂત સમાજ ના શ્રેષ્ઠ સંગઠન નું ઉદાહરણ પુરૂ પાડયું હતું.

રાજપૂત સમાજ એક મંચ ઉપર આવી સંગઠન શક્તિ પણ મજબૂત બને તે હેતુ સાથે આયોજન કરાયાં નું સમાજ ના પ્રમુખ ભુપેન્દ્રસિંહ સોલંકી એ મત વ્યક્ત કર્યો હતો. રાજપૂત સમાજ ની મહિલા ઓ એક જગ્યા એ ભેગી તે હેતુ સાથે ગરબા મહોત્સવ નું આયોજન કરાયું હતું. ગરબા મહોત્સવમાં ગરબા સાથે સાથે દાતાઓનું સન્માન કરાયું હતું. વિસ્તારના અનેક સામાજિક, સહકારી, રાજકીય અગ્રણીઓનું પણ બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ દ્વારા સન્માન કરાયું હતું. ગરબા મહોત્સવ માં ભાગ લેનાર માટે સ્પર્ધા નહી પરંતુ ભાગ લેનાર તમામને બારડોલી રાજપૂત સમાજ ટ્રસ્ટ અને યુવા સંગઠન ટિમ દ્વારા લ્હાણી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ માટે બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ યુવા સંગઠન ટિમ તેમજ મહિલા ટિમ એ ભારે જહેમત વડે કાર્યક્રમ ને સફળતા અપાવી હતી.

## શ્રી રાજપુત કરણી સેના ના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણા ની વિશેષ ઉપર સ્થિતિમાં સુરેન્દ્રનગર ખાતે દશેરા પર્વની ભવ્ય ઉજવણી રૂપે શસ્ત્ર પૂજન કરાયું









સુરેન્દ્રનગર રાજપૂત સમાજ વિજયા દશમી દશેરા પર્વ નિમિત્તે પૂજાનું આયોજન કરાયું હતું. તેમાં શ્રી રાજપુત કરણી સેના અનારા રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણા અને શ્રી રાજપુત કરણી સેના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ વીરભદ્રસિંહ જાડેજા ની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો. જેમાં સુરેન્દ્રનગર રાજપુત સમાજના મહાનુભાવો ની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ તેમજ કારણી સેનાના સભ્ય ની સ્થિતિમાં દશેરા પર્વની ભવ્ય ઉજવણી કરી વિધિવત શસ્ત્ર પૂજન કર્યું હતું. શ્રી રાજપુત કરણી સેનાના સંગઠનના વિચાર વિસ્તાર સંગઠન એકત્ર કરવાની ભાવના સંગઠન મજબૂત કરી આગળ વધારવા માટે રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણા ઉપસ્થિત રહ્યા હતા.

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઇંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).